ગાંધીનગર સમાચાર

# શહેરમાં ગુલાબી ઠંડી : લઘુત્તમ પારો ૧૬ ડીગ્રી સુધી ઉતર્યો

## રાજકીય વર્તુળોમાં જામેલી ચર્ચા

# પંચાયતમાં સતત ત્રણ ટર્મ વિજયી કોંગ્રેસ વિજયની પરંપરા જાળવી રાખશે

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં જે પક્ષનું શાસન હોય તેના વિપક્ષનું જિલ્લા પંચાયતમાં શાસન હોવાની જિલ્લાની પરંપરા આ

**સમયસર**

-પ્રકાશ જહા

વખતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જોવા મળશે કે કેમ તેને લઈ રાજકીય વાતાવરણમાં ચર્ચાઓનો ચોરો જામ્યો છે.

આ વખતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બન્ને પક્ષોને આંતરિક જૂથબંધી સતાવી રહી છે. જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોંગ્રેસની પક્કડ મજબુત હોવાનો દાવો કોંગીના આગેવાનો કરતાં જણાવી રહ્યા છે. વિધાનસભામાં પણ એક તબક્કે જિલ્લાની પાંચેય

**બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોમાં આંતરિક જૂથબંધીનો ટકરાવ કોને તારશે કોને ડુબાડશે : મિત્રમંડળનું રાજકારણ નિર્ણાયક બનશે**

બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો સરસાઈ ભોગવતા હતા તો શહેરી વિસ્તારો ખુલતાં ભાજપને ભાગ બે બેઠકો આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ

ગાંધીનગર, તા. ૧૫

સ્થાનિક સ્વરાજ્યની જિલ્લાની ૧૮૨ બેઠકો માટેના ચૂંટણી જંગમાં આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે. આમ તો જિલ્લામાં હાલ ૪૬૧ ઉમેદવારો મેદાનમાં છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત, માણસા, કલોલ અને દહેગામ તાલુકા પંચાયત ઉપરાંત કલોલ અને દહેગામ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી ૨૯મી નવેમ્બરના રોજ યોજાશે.

ચૂંટણીની આડે હવે બે સપ્તાહનો સમય બચ્યો છે. ઉમેદવારો દ્વારા અપક્ષ ઉમેદવારોને સમજાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે

**ચૂંટણી ચિત્ર આજે સ્પષ્ટ થશે : ૧૧૨ અપક્ષ અને અન્ય પક્ષના ઉમેદવારો મેદાનમાં છે**

અને આજે ચૂંટણી ચિત્ર બપોરે ત્રણ વાગે સ્પષ્ટ થયા બાદ પ્રચાર અભિયાનના શ્રીગણેશ થશે.

● અનુસંધાન પાન-૫ પર

# શહેરમાં ગુલાબી ઠંડી : લઘુત્તમ પારો ૧૬ ડીગ્રી સુધી ઉતર્યો

### ઠંડી અને ગરમીના તાપમાનમાં બેવડા તફાવતથી દિવસે હજુ પણ ગરમીનો અહેસાસ

ગાંધીનગર તા ૧૫

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી મહત્તમ તાપમાન ઉંચુ જતા શહેરીજનો ગરમીનો અહેસાસ કરતા હતા. જયારે આજે અચાનક મૌસમનો મિજાજ બદલાયો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૪ ડીગ્રીએ રહેતા નગરજનોએ દિવસે ગરમીનો અહેસાસ કર્યો હતો. પરંતુ લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રીએ પહોંચી જતા શહેરીજનોએ ગુલાબી ઠંડીનો અહેસાસ કર્યો હતો.મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત પણ જોવા મળ્યો હતો.

દિવાળીના દિવસો બાદ પણ વાતાવરણમાં હજુ પણ જોઈએ તેવી ઠંડીનો અહેસાસ થતો નથી. જયારે છેલ્લા કેટલાક દિવસથી દિવસના

● અનુસંધાન પાન-૫ પર

## લૌકિક ક્રિયા



અમારા મોટાભાઈ **શ્રી યોગેન્દ્રસિંહ નવલસિંહ સોલંકી**નું તા. ૧૫-૧૧-૨૦૧૫ને રવિવારે અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં - **સદ્‌ગતની લૌકિક ક્રિયા તા. ૧૬-૧૧-૨૦૧૫ને સોમવાર**ના રોજ રાખેલ છે.

લિ.

ભવાનસિંહ જોરાવરસિંહ વાઘેલા(જમાઈ)
મુકેન્દ્રસિંહ ફતેસિંહ રહેવર (જમાઈ)
દેવીસિંહ ઈન્દ્રસિંહ સોલંકી (કાકાશ્રી)
સંજયસિંહ નવલસિંહ સોલંકી
કર્મરાજ યોગેન્દ્રસિંહ સોલંકી
હર્ષરાજ સંજયસિંહ સોલંકી

**સમસ્ત સોલંકી પરિવાર - ખેડબ્રહ્મા - મો. ૮૧૪૧૪૧૪૨૪૧, ૯૪૨૭૩૬૯૬૮૯**
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com